# નિવિદા

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક,કૃષિ સંશોધન કેન્દ્ર, નકૃયુ,તણછા ખાતે જુના ઓફીસ કમ લેબોરેટરી નંગ-૧ તથા ગોડાઉન/સ્ટોર/સેડ નંગ-૫ મકાનોનો જુનો કાટમાળ ઉતારી તથા દિવાલો, ભોંયતળીયું, સ્લેબ, પાયા વિગેરે તોડી જમીન સમતલ કરી શકે તેવા અનુભવ ધરાવતા ઈસમો/ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો/ઓફરો મંગાવવામાં આવે છે. રદ બાતલ કરવાના થતા મકાનની વિગતો/માહિતી, ટેન્ડરની બોલીઓ તથા શરતો મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, તણછા (ફોન નં (૦૨૬૪૧)૨૯૦૪૮૦) ની કચેરીએથી ટેન્ડર ફી પેટે રૂા. ૫૦૦/- જમા કરાવીને મેળવી શકાશે. તથા ભરેલ ભાવપત્રક/ ઓફર બાય રજીસ્ટર પોસ્ટ.એ.ડી./કુરીયર દ્વારા/રૂબરૂ બંધ કવરમાં તા. ૩૦/૦૬/૨૦૧૫ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂા. ૫૦૦૦/- ની EMD ''મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક,કૃષિ સંશોધન કેન્દ્ર,ન.કૃ.યુ તણછા'' ના નામનો ડીડી/ રોકડેથી જાહેર રજા સિવાયના કચેરી સમયે સ્વીકારવામાં આવશે. EMD વગરની ઓફરો સ્વીકારવામાં આવશે નહિ. ભાવ ભરનાર ઇસમે કવર ઉપર કામનુ ંનામ તથા સરનામુ ંઅચુક લખવાનું રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવુ ંઅથવા તમામ ટેન્ડરો રદ કરવાનો અધિકાર આકચેરીને અબાધિત રહેશે. ટેન્ડરની શરતો અને બોલીઓ યુનિવર્સિટી વેબસાઇડ www.nau.in પર જોઇ શકાશે.

**મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક**

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

## કૃષિ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, તણછા ખાતે જુના ઓફિસ બિલ્ડીગ/ગોડાઉન/સ્ટોર ઈજારાની

## શરતો અને બોલીઓ

૧. કૃષિ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, તણછા ખાતે જુના ઓફિસ કમ લેબોરેટરી/ગોડાઉન/સ્ટોરને જમીનદોસ્ત કરી સરસામાન સાથેનો ઈજારો આપવાનો છે. જે મકાનો નીચે મુજબનુ ક્ષેત્રફળ ધરાવે છે.

| મકાનોની વિગત | સાઈઝ (ફુટ) |
|---|---|
| ઓફિસ કમ લેબોરેટરી | ૧૧૫.૦ X ૩૦.૦ |
| સ્ટોર (જુવાર) | ૩૪.૪ X ૨૪.૫ |
| સ્ટોર (ઘઉં) | ૩૪.૪ X ૨૪.૫ |
| ઈમ્પ્લીમેન્ટ સેડ | ૪૩.૪ X ૨૩.૪ |
| વીયરીંગ સેડ | ૧૯.૭ X ૧૫.૫ |
| ગોડાઉન | ૧૯.૫ X ૧૫.૦ |

૨. ઉપરોકત શરત ૧ માં નિર્દિષ્ટ ઓફિસ કમ લેબોરેટરી/ગોડાઉન/સ્ટોરના ટેન્ડર ભરવાની તા. ૩૦/૬/૨૦૧૫ કચેરી સમય સાંજે ૫:૦૦ વાગ્યા સુધીની રહેશે. મુદ્દતમાં કોઇપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહી.

૩. ઈજારદાર ઇસમ પુખ્ત વયનો હોવો જોઇએ અને અસ્થિર મગજનો હોવો જોઇએ નહી.

૪. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

**અ)** હરાજીમાં ભાગ લેવા માતે ટેન્ડર ફોર્મ ફી પેટે રૂ. ૫૦૦ સાથે અનામત પેટે રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) જમા કરાવવાનું રહેશે અને તે જ ઇસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે અને જે ઇસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજીની રકમનાં ૧૦% નાણાં તાત્કાલીક જમા કરાવવાનું રહેશે જે અનામત પેટે ગણવામાં આવશે. અને અનામતની રકમ ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઇપણ જાતની નુકશાની નહી થાય તે બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઇ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી. બાકીની ઈજારદારની અનામતનાં નાંણા આશરે પંદર દિવસ બાદ ચેક દ્રારા પરત કરવામાં આવશે.

**બ)** ઈજારાની પુરેપુરી રકમ ઈજારો મંજુર થયે દિન-૭ માં જમા કરાવવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ તોડી લઇ જવા દેવામાં આવશે તેમ છતાં ખાસ કેસ તરીકે ઉપરોકત મુદ્દતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદ્દત વધારી શકાશે અને વધારાના ૧૫ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ તોડી લઇ જવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે

**ક)** ટેન્ડર ફી કોઇપણ સંજોગોમાં પરત મળશે નહી.

૫. ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે ત્યારબાદ ઈજારદાર ઓફિસ કમ લેબોરેટરી/ગોડાઉન/સ્ટોરને તોડવાની શરૂઆત કરી શકશે.

૬. ઉપર જણાવેલ ઈજારાની રકમ શરત ૪ બ મુજબ જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે અને ઈજારદારની ડીપોઝીટ રૂ. ૫૦૦૦/- અને ૧૦% જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે.

૭. ઈજારો મંજુર રાખવો કે નહી તેની સતા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઇપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારદારના શીરે રહેશે.

૮. ઓફિસ કમ લેબોરેટરી/ગોડાઉન/સ્ટોરને તોડતા ફાર્મની અન્ય મીલકતને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઈજારદાર નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઇપણ જાતનું નુકશાન કરશે, તો સંસ્થાને

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

વ્યાજબી લાગશે તો તે  નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઇજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરાફેરી  કરવાની રહેશે.

૯. સદરહું ફાર્મમાં ઇજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા ફોટા સહિત કેન્દ્ર સંચાકલશ્રીનેલેખિતમાં રજુ કરવાનાં રહેશે. જેતે શખ્શનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાશે તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે અને  તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહીં. જે તે કેન્દ્રના વડાની સંમતિ મેળવ્યા સિવાય કોઇપણ  મજુરોને ઇજારદારે કામ પર લેવા નહીં.

૧૦. કોઇપણ કુદરતી આફત અગર કોઇ બીજી આસમાની તરાજીથી કોઇપણ નુકશાન થશે તેની જે તે સંસ્થા કે યુનિવર્સિટીની કોઇપણ જવાબદારી રહેશે નહીં.

૧૧. ઇજારદાર શરત નં ૧ માં જણાવેલ મકાનો સિવાયના કોઇપણ મકાનો તોડી શકશે નહીં. આશરતનો ભંગ થયેથી  શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૧૨. મકાનો તોડવાનો સમય સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ અને બપોરે ૨-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધીનો રહેશે તે સિવાયના તથા રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવની રહેશે.

૧૩. કોઇપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો  આપવામાં આવશેતે ઇજારદારને માન્ય રાખવો પડશે.

૧૪. હરાજી સમયે જેણે ઇજારો રાખ્યો હોય તે બીજા કોઇપણ ઇસમને ઇજારો આપી શકશે નહીં.

૧૫. ઇજારો રાખનારે કચેરી નકકી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે અને તે મુજબનું લખાણ રૂ. ૧૦૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા. ૧૦૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર  ઇજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૧૬. સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઇપણ ફેરફાર યુનિવર્સિટી સતાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે  અને તે અંગે કોઇ તકરાર ચાલશે નહીં.

૧૭. સંજોગોવશાત જો ઇજારદારે ઇજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટીના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઇસમોની રકમ એક સરખી હોય વગેરે જેવાં સંજોગોમાં જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. જેમાં ટેન્ડર ડીપોઝીટ ભરનાર ઇજારદાર જ ભાગ લઇ શકશે.

૧૮. ઇજારાના ટેન્ડર તા. ૦૧/૦૭/૨૦૧૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કૃષિ સંશોધન કેન્દ્ર, નકૂયુ, તણછા ખાતે ખોલવામાં આવશે જે માટે ઇજારદારે રૂબરૂમાં હજર રહેવાનું રહેશે.

૧૯. ઉપરોક્ત મકાનોને તોડયા બાદ ઇજારદારે પોતાના ખર્ચે જમીન લેવલ કરી આપવાની રહેશે.

(signature)

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર, નકૃયુ, તણછા

તણછા
તારીખ: ૦૫/૦૬/૨૦૧૫

મંજુર

(signature)

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી